સુવિચાર : આપો તેની કિંમત ન આંકો, લડો અને તમારા જખ્મો ન ગણો, મહેનત કરો અને વિસામાની શોધ ન કરો - સંત ઓગસ્ટીન

**તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૮૭ | ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૫, ગુરૂવાર ; ભાદરવા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

**મોદીની સાથે નવાજ શરીફની કોઈ શરતી મંત્રણા થશે નહીં : સરતાજ**

**મોદી અને એપલના સીઇઓ વચ્ચે બેઠકની તૈયારીઓ**

**વીવીઆઈપી લોકોની યાદીમાંથી આખરે વાઢેરાનું નામ દૂર કરાયું**

**ઝાબુઆ કેસ : મુખ્ય સુત્રધાર રાજેન્દ્ર કુશવાહની અટકાયત**

**શેરબજારમાં ફરી તેજી : સેન્સેક્સ ૨૫૮ પોઈન્ટ સુધરીને બંધ રહ્યો**

**દિલ્હીમાં એરપોર્ટથી કરોડો રૂપિયાનું સોનું લાપતા થયું**

**અમરસિંહ સપામાં વાપસી કરવા માટે તૈયાર : રિપોર્ટ**

**મુલાયમની સામે FIR દાખલ કરવાનો આદેશ**

**માંસ પર પ્રતિબંધ મામલે હાઈકોર્ટે મુક્તિ સરકારને નોટિસ ફટકારી**

**મોદી વારાણસીમાં હવે રિક્ષા ચાલકોને મળશે**

# મન કી બાત પર પ્રતિબંધ મુકવા ચૂંટણી પંચનો હાલ સાફ ઈન્કાર



નવી દિલ્હી, તા. ૧૬
વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રમાં એનડીએ સરકારને મોટી રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં ચુંટણી પંચે વડાપ્રધાન મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ મન કી બાત ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકવાનો આજે ઈન્કાર કર્યો હતો. એવા અહેવાલ આવી રહ્યા છે કે, કોંગ્રેસ પાર્ટી આ પ્રકારની માંગણી કરીને ચુંટણી પંચ સમક્ષ રજુઆત કરી શકે છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે બિહાર વિધાનસભાની ચુંટણીને લઈને આચારસંહિતા અમલમાં હોવાથી મન કી બાત કાર્યક્રમ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તે જરૂરી છે. બીજીબાજુ ચુંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, જો કોઈ કાર્યક્રમને લઈને વિવાદ થશે અને આચારસંહિતા ભંગની બાબત

**આચારસંહિતા ભંગની કોઈ બાબત દેખાશે તો વિચારણા થશે : કોંગ્રેસ અને અન્ય ઘણા રાજકીયપક્ષો દ્વારા મન કી બાત કાર્યક્રમ પર પ્રતિબંધ મુકવાની રજુઆત કરાઈ રહી છે : રવિવારે મન કી બાતનો નવો જ એપિસોડ**


કાર્યક્રમમાં દેખાશે તો આ પ્રકારની માંગણી તરફ ધ્યાન આપવામાં આવશે. મન કી બાત કાર્યક્રમને બિહાર ચુંટણી સુધી બંધ કરવા કોંગ્રેસ પાર્ટી દ્વારા ચુંટણી પંચ સમક્ષ રજુઆત કરવામાં આવી ચુકી છે. નિયમિત રેડિયો પ્રસારણ કાર્યક્રમમાં મોદી જુદા-જુદા વિષયો ઉપર તેમના અભિપ્રાય દેશના લોકો સાથે વહેંચે છે. મન કી બાતનો આગામી એપિસોડ રવિવારના દિવસે પ્રસારિત કરવામાં આવનાર છે.

**ગાંધીનગર સમાચાર**

## મિચ્છામી દુક્કડમ

સંવત્સરીના પાવન પર્વે સૌ જૈન અને જૈનેતર પરિવારોને ગાંધીનગર સમાચાર મિચ્છામી દુક્કડમ પાઠવે છે. ક્ષમાપનાના પાવન પર્વે મન, વચન, કર્મથી સૌને મિચ્છામી દુક્કડમ...

- તંત્રી,
ગાંધીનગર સમાચાર




# આવતીકાલે દહેગામ તાલુકાના પાટીદારોની પદયાત્રા ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૧૬
પાટીદાર અનામત આંદોલનની મહારેલી બાદ રાજ્યભરમાં વણસેલી પરિસ્થિતિ દરમિયાન કનીપુર ગામના પિતા-પુત્રના પોલીસ ફાયરીંગમાં મોત અંગે પોલીસ દ્વારા ખોટી એફઆરઆઈ દાખલ કર્યાના મુદ્દે દહેગામ તાલુકાના પાટીદાર યુવાનો દ્વારા આગામી તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ પાલૈયા જકાત નાકાથી ગાંધીનગર કલેક્ટર કચેરી સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રા દ્વારા પોલીસ દમનને વખોડી કાઢતુ આવેદનપત્ર કલેક્ટરને સુપ્રત કરવામાં આવશે.

આ પદયાત્રાનું મગોડી ખાતે સવારે ૧૦.૩૦ વાગે, ચિલોડા સર્કલ ખાતે બપોરે ૧૨.૩૦ કલાકે, આલનપુર પાટીયા ખાતે બપોરે ૧.૩૦ કલાકે, સેક્ટર-૩૦ સર્કલે બપોરે ૨.૩૦ કલાકે પાટીદારો દ્વારા સ્વાગત કરાશે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિને મુખ્યમંત્રી આનંદીબેનની શુભેચ્છાઓ

ગાંધીનગર, તા.૧૬
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ૬૬માં જન્મદિને શુભકામનાઓ પાઠવતા રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્ત્વમાં અપ્રતિમ પ્રગતિ કરશે. આવતીકાલના ભારત નિર્માણ નરેન્દ્રભાઈની ભૂમિકા ખૂબ જ મહત્વની રહેશે જેનો સીધો દેશવાસીઓને પ્રાપ્ત થશે.

## ગણપતિબાપા મોરિયા



વિઘ્નેશ્વરાય વરદાય સુરપ્રિયાય, લંબોદરાય સકલાય જગતવિતાય
નાગાનનાય શ્રુતિયજ્ઞ વિભૂષિતાય, ગૌરીસુતાય ગણનાથ નમો નમસ્તે

## બેસણું



મારા ધર્મપત્ની **સરીતાબેન સંતોષસિંહ ચૌહાણ**નું તા. ૧૪-૯-૨૦૧૫, સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૮-૯-૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. એ-૯, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર

**અવનીન્દ્રસિંહ વિરભાણસિંહ ચૌહાણ**
**પ્રવિણસિંહ વિરભાણસિંહ ચૌહાણ**
**રાજેશસિંહ વિરભાણસિંહ ચૌહાણ**
**દિનેશસિંહ મહાવીરસિંહ ચૌહાણ**
**અવિનાશસિંહ અવનીન્દ્રસિંહ ચૌહાણ**
**દુષ્યંતસિંહ અવનીન્દ્રસિંહ ચૌહાણ**
**ઉજ્જ્વલસિંહ પ્રવિણસિંહ ચૌહાણ**
**સંતોષસિંહ વિરભાણસિંહ ચૌહાણ**
**સૌરભસિંહ સંતોષસિંહ ચૌહાણ**
**સિદ્ધાર્થસિંહ સંતોષસિંહ ચૌહાણ**
**મહાવીરસિંહ ડી. ચૌહાણ**

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

ગાંધીનગરમાં ધુમ મચાવે છે.
રશીયન + આફ્રિકન અને મંગોલીયન કલાકારોના કાફલા સાથે




ગોલ્ડન સર્કસ
ટીકીટ દર. ₹. 60/-, 120/-, 200/-
એડ. બુકીંગ. ₹. 200/-નું સવારે 9 થી 7 સાંજે
M. 8347499769 7041428420
સ્થળ: નવરાત્રી મેદાન, સેક્ટર 6, બસ ડેપો પાસે.

બિ.ક્લાર્ક/રે.તલાટી
નવી બેચ શરૂ
તા ૧૪-૯-૧૫ સોમવારથી
સવારે :- ૧૦.૦૦ કલાકે
ફ્રી ડેમો લેક્ચર
GPSC મેઈન્સની નવી બેચ શરૂ
શિલ્પ CAREER ACADEMY
Axis Bank ઉપર સે.૧૬, ગાંધીનગર
9426944899 9638642964

BANK/SSC/તલાટી
૧૦૦% ગેરેન્ટેડ રીઝલ્ટ
૩૦ વર્ષથી વધારે અનુભવી સંસ્થા
ફી માત્ર ૫૦૦૦/-*
(હોસ્ટેલ સગવડ ઉપલબ્ધ)
G.I.C. - બ્રહ્મભવન, સે.૧૬, ગાંધીનગર
M - 96870 74704

આંગળી ચીંધવાનું માત્ર પૂણ્ય નહીં,
અઢળક આવકની તક પણ...!
આપનો વેપાર-વ્યવસાય, પાર્લર-રેસ્ટોરન્ટ,
ધંધો-રોજગાર ધમધોકાર ચાલે જ છે...
આપને ત્યાં દરરોજ
સારી એવી અવર-જવર રહે જ છે...
એમાંથી જો કોઈને
નવી પ્રોપર્ટી ખરીદવી હોય કે
પોતાની પ્રોપર્ટી વેચવી હોય...
ઘર-ઓફિસ કે દુકાન ભાડે આપવાની હોય કે,
ભાડે લેવી હોય તો-
આપ માત્ર અમારી તરફ આંગળી ચીંધો
અને વધારાની આવક ઉભી કરો...




www.thepropertyshop.in
એક જ બિઝનેસના સમયમાં અને સ્થળે
બીજા બિઝનેસની તક..!
રિયલ એસ્ટેટના કામની ફ્રેન્ચાઈઝી
અંગે વધુ માહિતી અને ફોર્મ મેળવવા માટે
આજે જ સંપર્ક કરો.
tps The Property Shop
Call : 98245 03011 | 98980 29451
૨૦૩, બીજો માળ, સિધ્ધરાજ ઝાવોડ, ખ-૦ નજીક, એસ. જી. હાઈવે, ગાંધીનગર